નમસ્કાર ગાંધીનગર

પમરાટ

હોય નહી જેનો કૈં આછેરો અનુભવ
એ ગીતમાં શી રીતે ઊતારવું ?
વાંચેલું, સાંભળેલું, જાતે ન જાણેલું
કઇ રીતે એને સ્વીકારવું ?
મારે ગીતમાં એ શી રીતે ઊતારવું ?

- તુષાર શુકલ

પાથેય

- રમેશ ઠક્કર

સાચી સંપત્તિ...

અવતરણોની દુનિયા પણ અજબગજબ છે.અમુક લેખકોનાં અવતરણો જાણીતાં હોય છે..પરંતુ એક એવા લેખક અને વિચારક છે જેમના આખેઆખા લેખ જ અવતરણ જેવા લાગે ! એ ગજબ લેખક એટલે જહોન રસ્કિન..ઇ સ.૧૮૧૯માં લંડનમાં જન્મ...મૃત્યુ ઇ.સ.૧૯૦૦...'અન ટુ ધિસ લાસ્ટ,' નામનું રસ્કિનનું પુસ્તક ઇ.સ.૧૮૬૨માં લખાયેલું..જે ઇ.સ.૧૯૦૪માં પોલોક નામના અંગ્રેજ પત્રકારે મિત્ર તરીકે ગાંધીજીને વાંચવા આપેલું..આઠ દસ કલાકની ટ્રેનની મુસાફરીમાં બેરિસ્ટર મોહનદાસે એકશ્વાસે એ વાંચી નાખ્યું..અને એમનું જીવન ધરમુળથી બદલાઇ ગયું... એવું કેવું ચમત્કારિક આ પુસ્તક છે ? વરસો પહેલાં મુળ અંગ્રેજી આવૃત્તિ વાંચવાની મથામણ કરેલી..પણ લખાણ અને શૈલી એવી ગહન લાગેલી કે આપણો ગજ વાગેલો નહી..નવજીવન પ્રકાશને હમણાં એનો ગુજરાતી અનુવાદ પ્રગટ કર્યો છે..જેના અનુવાદક છે ચિત્તરંજન વોરા..આ પુસ્તક એટલે અર્થશાસ્ત્ર ઉપરના ચાર આલોચનાત્મક નિબંધો..માત્ર નવ વરસની ઉમરે રસ્કિને 'પોએમ ઓન યુનિવર્સ ' નામે દીર્ઘ કાવ્ય અને માત્ર પંદર વરસની વયે 'ધ જિયોલોજિકલ સ્ટેટા ઑફ માઉન્ટ બ્લેક ' નામે નિબંધસંગ્રહ લખી સાહિત્યની દુનિયામાં નામ અંકિત કરી દીધું હતું... અનેક જગવિખ્યાત કૃતિઓ લખી પણ બેતાલીસ વરસની ઉમરે લખાયેલ 'અન ટુ ધિસ લાસ્ટ ' ને એ પોતાની શિરમોર રચના માનતા હતા..

રસ્કિન, ટોલ્સ્ટોય અને થોમસ કાર્લાઇલ એ ત્રણેય સમકાલીન હતા..એકબીજાની ઉપર અસર પણ હતી..એમ તો કાર્લ માર્ક્સ પણ એ જ સમયના વિચારક... રસ્કિન અને માર્ક્સ બંને એક જ શહેરમાં રહેતા એ સમયકાળના મહાન વિચારકો..પણ નવાઇ એ વાતની છે કે બંને એકબીજાને કયારેક મળ્યા ન હતા..કાર્લ માર્કસનું 'દાસ કેપીટાલ' ઇ.સ.૧૮૪૮માં આવ્યું..જેણે જગતને બે હિસ્સામાં વહેંચી દીધું..અન ટુ ધિસ લાસ્ટ ૧૮૬૧માં પ્રસિદ્ધ થયું જેણે શ્રમનો મહિમા કરી સંપતિને માનવમૂલ્યો સાથે જોડવાની ફિલોસોફી આપી..જેના કારણે બ્રિટનમાં 'લેબર પાર્ટી'અસ્તિત્વમાં આવી..જગતભરની મજુર ચળવળો અને શ્રમિક પક્ષોનું ચાલકબળ એટલે આ પુસ્તક... રસ્કિન માનતો કે જીવનથી વધીને બીજી કોઇ સંપતિ ના હોઇ શકે... 'જીવનનો મુળભુત હેતુ તો સદગુણ વિકાસ કરનાર ચારિત્ર્યનો જ છે..અને રાષ્ટ્રની સાચી સંપત્તિ એવા સમર્થ ચારિત્ર્યવાન માનવી સિવાય બીજી કોઇ નથી.' આ પુસ્તક વાંચતાં જ ગાંધીજીને લાગ્યું કે 'જે વસ્તુ મારા હાડમાં ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ આ ગ્રંથરત્નમાં ભરેલું હતું..એણે મારા મનોજગત ઉપર ગાઢ અસર કરી.'

ગાંધીજીએ આ પુસ્તક વાંચી ત્રણ બાબતો તારવી..(૧)બધાના ભલામાં આપણું ભલું રહેલું છે (૨) વકીલ કે વાળંદ બંનેના કામની કિંમત એકસરખી છે કેમકે આજીવિકા કમાવાનો હક સહુનો એકસરખો છે (૩)સાચું જીવન મજૂરનું જ છે કેમકે શારીરિક શ્રમ એ જ શ્રેષ્ઠ સદગુણ છે..આમાંથી આવી સર્વોદયની વિચારધારા..અને દરિદ્રનારાયણની પરિકલ્પના..બેરિસ્ટર મોહનદાસને મહાત્મા બનાવનાર આ પુસ્તક હતું..એક પુસ્તક શું કરી શકે ? એનો પુરાવો એટલે અન ટુ ધિસ લાસ્ટ... રસ્કિનના મતે જગતમાં પ્રામાણિક જીવનવાળી વ્યકિત તે પ્રભુની આજ સુધીમાં સાકાર થયેલી સર્વોત્તમ કૃતિ છે..ગાધીજીને સારપમાં જે અતૂટ શ્રધ્ધા હતી એના મુળમાં આ વિચાર છે.

અહંકારના આક્ષેપોનો તોપમારો

તંત્રીસ્થાનેથી...

એક સામાન્ય છાપ અને સર્વવ્યાપી અભિપ્રાય એવો પ્રવર્તે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અહંકારી છે. વિપક્ષો એમની આ 'વિશેષતા' વિશે વારંવાર આક્ષેપોનો તોપમારો ચલાવતા રહ્યા છે. જોકે અહંકાર એ માનવીના વ્યક્તિત્વનો અવિભાજ્ય અંશ છે. એ જ એની અસલી ઓળખ છે. 'અહમ્ ' એટલે 'હું' આ હું-પણું જ માણસને બીજા માણસો કરતાં જુદો તારવે છે. પરંતુ એ હું -પણું કયારેક એના આધ્યાત્મિક માર્ગમાં રોડું બની જાય છે. એટલે જ આપણા આદિ કવિએ ગાવું પડ્યું હશે -

'હું કરું, હું કરું' - એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જયમ શ્વાન તાણે !

ગાડા નીચે ચાલતું કૂતરું એમ જ માની બેસે કે ગાડું તો હું જ ચલાવી રહેલ છું - એ મારી જ પીઠ પર ખડકાયેલું છે, તો એ કેવું હાસ્યાસ્પદ લાગે ! માનવી પણ જયારે આવા અહંકારમાં રાચવા લાગે છે ત્યારે સાચી હકીકતને તો એ વીસરી જ જતો હોય છે. વડાપ્રધાનને ૭૦ વર્ષ ઉપર ઉંમર થઈ છે અને ૭૦ વર્ષના એમના અગાઉના શાસન પર આકરા તથા મહંદશે ખોટા આક્ષેપો કરવાનો એ વિશેષાધિકાર ભોગવી રહ્યા છે. ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે તેઓ સત્તા પર આવ્યાં જેનાં ૭૦ વર્ષ પૂર્વે બહુ ખોટેખોટું જ થયું હોય તો એમાં તો ખુદ એમનાં શાસનનાં કેટલાંક વર્ષો પણ ગણાઈ જશે. માત્ર નહેરુવંશી વડાપ્રધાનોએ જ નહીં પણ શાસ્ત્રી, મોરારજી દેસાઈ અને ચંદ્રશેખર-ચરણસિંહ કે વાજપેયી અને દેવદોવડા - ગુજરાત સહિત તમામના શાસનમાં બધું લોલેલોલ ચાલ્યું અને દેશનાં વિકાસનો ખરો માર્ગ તો આઝાદીનાં ૭૦ વર્ષ પછી એટલે કે હમણાં ૨૦૧૯ પછી આપણા લોકલાડીલા નરેન્દ્રભાઈ મોદી સાહેબના શાસનકાળમાં જ દૃષ્ટિગોચર થયો ! વડાપ્રધાન હવે એમની વિરુદ્ધ વપરાતું આ 'અહંકાર'નું અસ્ત્ર કોંગ્રેસ અને અન્ય વિપક્ષો સામે વાપરવા લાગ્યા છે. એમણે રાષ્ટ્રપતિના અભિભાષણના સમાપ્તિ પ્રવચનમાં ભારે આકરો તોપમારો કરી વિપક્ષી નેતાઓનો ઊધડો લેવા પ્રયાસ કર્યો છે. રાહુલ ગાંધીથી લઈ નહેરુ સુધી પાછા પગલે જઈને એમણે 'વિષ્ણુપુરાણ'ને ટાંકી 'રાષ્ટ્રવાદ' નું ગોત્ર શોધી આપ્યું છે. તો વળી એ લોકોને હાર જીરવાતી નથી એમ કહી વિવિધ પ્રદેશોમાં કોંગ્રેસે ક્રમશઃ ગુમાવેલી ભોમકાનાં ઉદાહરણ આપ્યાં છે. પરંતુ વડાપ્રધાને સૌથી વિચિત્ર લાગે અને ગળે ના ઊતરે એવો આક્ષેપ કોંગ્રેસ કોરોના ફેલાવવા સંદર્ભે કર્યો છે ! કોંગ્રેસે મજૂરોને બસો ભાડે કરી આપી અને રેલવેમાં ટિકિટ બુક કરાવી આપી એથી એ મજૂરોએ જ ઉત્તરપ્રદેશ જેવા રાજયોમાં - પોતાના વતનનાં ગામોમાં પાછા ફરીને આ મહામારી ફેલાવી એવો આક્ષેપ તો માત્ર માનનીય વડાપ્રધાનના ફળદ્રુપ મગજમાંથી જ પ્રગટ થઈ શકે ! ચૂંટણી જીતવા માટે નેતાઓ લોકોની દુખતી રગ દબાવવા કઈ હદે જઈ શકે એનું આ ઉદાહરણ છે. વડાપ્રધાનના ભાષણનો જવાબ આપવાની વ્યવસ્થા તો રહેતી નથી કારણ કે એ સત્રનું સમાપન ભાષણ હોય છે! પરંતુ લોકોને આપણા નેતાઓ સાવ અબુધ કેમ ગણતા હશે તે સમજવું અઘરું જરૂર લાગે.

'જયાં લગી ગૂંજતો એક સ્વર હોય છે' : લતા મંગેશકર

મન-રંજન
દ્વનિલ પારેખ

તમને દરરોજ સવારે રેડિયો સાંભળવાની ટેવ હોય અને વિવિધ ભારતી તમે ખાસ સાંભળથા હો, અને અમીત સયાનીનું નામ તમે ન સાંભળ્યું હોય એવું ન બને ! હા, ચાલીસી વટાવી ચૂકેલા માટે અને રેડિયોની આગત જેને હોય એને આ નામ અજાણ્યું નહીં લાગે. અમીન સયાનીનો અવાજ ગૂંજે અને પછી જે ગીતો પ્રસ્તુત થાય એમાં મોટા ભાગનાં ગીતો માટે કંઠ લતા મંગેશકરનો હોય. હા, લતા મંગેશકરની કાયા પંચમહાભૂલમાં વિલીન થઈ છે પણ સ્વર ? સ્વર તો આ પૃથ્વીલોક જયાં સુધી ટકશે ત્યાં સુધી ગૂંજતો રહેશે. કેટલાક કલાકારો, ગાયકો, નૃત્યકારોનો અન્ય વિકલ્પ નથી હોતો. બિરજુ મહારાજનો વિકલ્પ પણ શોધ્યે જડવાન છે?

લતા મંગેશકર વિશે ઘણી બધી વાતો લખાઈ છે ? અને લખાણી રહેશે. એમના અને આશા ભોંસલે કે ઉષા મંગેશકરના સંબંધ વિષે પણ અનેક દંતકથાઓ સાંભળવા મળી હશે ને મળશે પણ જે સ્વયં એક દંતકથા હોય એના વિશે શું કહેવું ?

મરાઠી લેખક પુ. લ. દેશપાંડેએ લતા મંગેશકર વિશે જે કહ્યું હતું એ એકદમ સાર્થક છે, 'મને કોઈ પૂછે કે આકાશમાં ભગવાન છે? તો હું કહીશ કે મને ખબર નથી. હું તો એટલું જ જાણું કે આ આકાશમાં સૂર્ય, ચંદ્ર છે અને લતાનો અવાજ છે.' મહારાષ્ટ્રની પ્રજા જેના લેખન ઉપર વારીવારી જાય એ પુ.લા. દેશપાંડે લતા વિશે આવું લખે એનાથી ઉત્તમ તો બીજું શું હોય ?

ભારત રત્ન લતા મંગેશકર એક એવી ગાયિકા કે જેણે પાંચ દાયકાથી પણ વધુ સમય સુધી પોતાનો કંઠ હિન્દી ફિલ્મ દુનિયામાં અને અન્ય ભાષાની ફિલ્મોમાં વહેતો રાખ્યો. ગુજરાતી ફિલ્મમાં પણ તેમને ગીતો ગાયા હતા. નરગીસ, નૂતન, વહીદા રહેમાન, વૈજયંતી માલા, મુમતાજ, આશા પારેખ, શર્મિલા ટાગોર, હેમા માલિની, રેખા, જયા બચ્ચન, માધુરી દિક્ષીત, શ્રીદેવી, કાજોલ, પ્રીતી જિન્ટા, સુધીની અભિનેત્રીઓ માટે એમનાં કંઠે ગીતો ગવાયાં હતા. 'વીરઝારા' (મૂળ સંગીતકાર મદનમોહન) ના ગીતો સાંભળીએ તો પણ એ અવાજની મીઠાશ પામી શકાય. શંકર-જયકિશન, કલ્યાણજી-આણંદજી, લક્ષ્મીકાંત-પ્યારેલાલ, મદનમોહન, સી. રામચંદ્ર જેવા સંગીતકારોની સાથે સાથે આર.ડી. બર્મન, બપ્પી લહેરી, ઉત્તમ સિંઘ, જતીન-લલીત જેવા સંગીતકારો માટે પણ એમણે ગીતો ગાયાં હતા. એ.આર. રહેમાન માટે પણ એમણે 'રંગ દે બસંતી' કે 'પુકાર' ફિલ્મની પ્રાર્થના 'હે ઈશ્વર, યા અલ્લાહ, યે પુકાર સુન લે' ગીતોમાં હજી પણ તાજગી અનુભવાય.

રાજકપૂર દિગ્દર્શક હોય કે યસ ચોપડા દિગ્દર્શક હોય ગાયિકા લતા મંગેશકર જ હોય ? રાજશ્રી પ્રોડકશનની સુપરહીટ ફિલ્મો 'મૈંને પ્યાર કિયા, હમ આપ કે હૈ કૌન ?' 'હમ સાથ સાથ હૈ' ફિલ્મોનાં ગીતોએ જે લોકપ્રિયતા હાંસલ કરી હતી, એમાં લતા મંગેશકરના કંઠનો મુખ્ય ફાળો હતો. એ કંઠ પુ.લ. દેશપાંડેએ કહ્યું એમ આપણી વચ્ચે સદા ગૂંજતો રહેશે!

દિન મહિમા

- ચોકલેટ ડે
- ૧૮૫૨ - કવિ દયારામની પુણ્ય તિથિ, ગુજરાત નાં પ્રાચીન કવિ

આજનું ઔષધ

- ડુંગળીના રસનાાં ચાર-પાંચ ટીપાં નાકમાં નાખવાથી હેડકી અને શ્વાસમાં તરત જ ફાયદો થાય છે.

ખડખડાટ

- મહેસાણાના મણીબેન અમેરિકાના એરપોર્ટ પર વિક્સ ની ડબ્બી ના લીધે ફસાયા કેમ કે પોલીસે પુછ્યું શું છે આમાં તો મણીબેન કે બોમ છે...

આજનો વોટ્સએપ

- 'જેમની પાસે સારા દોસ્ત હોય છે, તેઓ ક્યારેય જમીન દોસ્ત નથી થતા'

પ્રપંચ , દાવપેચ કરી મેળવી પણ લે સફળતા, છેક મંજિલ સુધી આવી માર્ગ વળાંક લે એમ પણ બને...

એમ પણ બને...
પારૂલ અમિત

સફળતા આખરે શું? આખી જિંદગી આપણે સફળ થવા ફાફા મારીએ પણ, સફળતા નો ખરો અર્થ આપણે જાણીએ છીએ ખરાં?

સફળતા બે પ્રકારની હોય છે- એક જેમાં દુનિયા તમને સફળ માને છે અને બીજી જેમાં તમે ખરેખર સફળ હોવ છો, તમારી પુરેપુરી ક્ષમતાથી. તમે તમારી પૂર્ણ ક્ષમતા સુધી પહોચી જાઓ છો કોઈ માને કે ના માને.

સદગુરૂ કહે છે 'કે દુનિયાના મતે સફળતા નો મતલબ એ છે કે તમે તમારા બાજુમાં દોડી રહેલા વ્યક્તિ થી વધારે ઝડપથી દોડી રહ્યા છો'. પણ ખરેખર સફળતાની પરિભાષા આ નથી.

મારા માટે સફળતા એટલે, " શું હું મારી જાતનો સંપૂર્ણ પણે ઉપયોગ કરી શકું છું ?" બીજા શું કરે છે, કેવીરીતે કરે છે? એમના જેવા બનવા માંગુ છું એ?

ઘણા લોકો સફળતા એને સમજે છે જે બીજા લોકો જેવું કરે અને એમને નીચા પાડે. ખરેખર સફળતા એ નથી જ.

ઈર્ષાભાવ એ હદે આવી જાય કે પોતાના સપના, પોતાનો ધ્યેય એ હોય કે પેલા, પેલી આવું કરે છે, હું પણ કરું. અને પગ પેસારો કરે. પરંતુ સફળ અને યોગ્ય ધ્યેય વાળી વ્યક્તિ એવુ વિચારશે કે'હું જે છું, એ જ ઉત્તમ. ઉત્તમ ભાવના, સારી વિચાર સરણી એ જ ઉત્તમ સર્જન. અને ઉત્તમ સર્જન એજ સફળતા શું હું ક્ષમતાની સંપૂર્ણ સંભાવના શોધી શકું છું? આની માટે તમારે બોધ અને એક સક્રિય બુદ્ધિ ની જરૂરી હોય છે." બીજાની અદેખાઈ કે બીજાની લાઈફ સ્ટાઈલ, બીજા જેવું બનવું એમાં બુદ્ધિની જરુર પડે ખરી?

બુદ્ધિહીન લોકો આ અપનાવે અને એને સફળતા સમજે.

હવે સવાલ એ છે કે હું મારી બુદ્ધિમતાને કેવી રીતે વિકસાવુ?" તેના વિષે ચિંતા ન કરો. લોકો તેમના મનની ક્ષમતાને વધારવાના પ્રયત્નો કરે છે. આ તમને સામાજિક રીતે સફળ બનાવી શકે છે, હકીકતમાં સફળ નહીં. અત્યારે તો તમારી ગ્રહણ શક્તિને વધારવી મહત્વનું છે.જો તમે જીવન તોડ્યા-મરોડયા, કે અન્ય જેવું કર્યા વિના એના વાસ્તવિક રૂપમાં જોઈ શકો, તો તેને સારી રીતે ચલાવવાની જરૂરી બુદ્ધિમતા તમારી પાસે છે.

તમે જિંદગીને આનંદપૂર્વક અને નિશ્ચિત રૂપ થી સારી રીતે ચલાવી શકો છો..

પણ મોટા ભાગના લોકો આ કરી શકતા નથી. સફળતાની શોધ કરવાની જ હોતી નથી , બસ ક્ષમતાની શોધ કરો જેથી પોતાને ઉચ સ્તર પર પહોચાડવાનો રસ્તો મળી જાય.પણ આપણે બીજાની ક્ષમતા ને આપણામાં લાવવાની કોશિશ કરીએ છીએ. જો તમે પુરેપુરા સક્ષમ હશો તો જયાં પણ જશો ત્યાં સફળ થશો.

સફળતા માટે ઘણા લોકો શોર્ટકટ અપનાવતા હોય છે. સફળતા માટે પરિશ્રમનો કોઈ વિકલ્પ હોતો નથી. સફળતા મેળવવા માટે સતત પ્રયત્ન, પરિશ્રમ અને છેલ્લે પ્રતીક્ષા ખૂબ જ અનિવાર્ય છે. પરંતુ અઢળક પરિશ્રમ કર્યા પછી પ્રતીક્ષા કરી શકતા નથી. કુદરતનો પણ આ જ નિયમ છે. જમીનમાં વાવવામાં આવેલા બીજમાંથી અંકુર બહાર આવતા સમય લાગે છે.

આપણા લક્ષ્ય પર આપણું ધ્યાન હોવું જોઈએ, આજુબાજુ વાળા શું કરી રહ્યાં છે તેના પર નહીં. જીવનમાં ધ્યેય નક્કી હોવું જોઈએ, પણ આપણા પોતાનું, કોઈએ આપેલું કે કોઇ જેવું નહીં જ.હા પ્રેરણા સ્ત્રોત હોઈ શકે પણ એના જેવું જ, એના કરતાં સારુ, નીચે પાડી આગળ વધવાનું નહીં જ.

જિંદગી એકદમ સુખમાં અને આનંદમાં પસાર થતી હોય એ કોને ના ગમે? પરંતુ આપણે શું ખરેખર આનંદ પામી શકીએ છીએ? બધા જ માણસો સુખ મેળવવા દોડી રહ્યા છે.

છતાં કોઈ સાચા સુખને પામી શક્યા નથી. આપણા સહિત આપણી આસપાસ કેટલા માણસો સુખી છે?

આપણને આનંદમાં સુખે થી જીવતા કોઈ રોકી શકતું નથી, આપણે ખુદ જ રુકાવટ બનતા હોઈએ છીએ. સુખેથી અને આનંદમાં જીવવું હોય તો કોણ રોકે છે?

મોટા ભાગનાં દુખો તો આપણે જાતે જ ઉભાં કરેલા હોય છે. સુખમય જિંદગી જીવવી હોય તો ટીકાકારો સામે મુકબધિર બની જીવવાનો નવો રસ્તો અપનાવો. અને આપણું મન કહે એ કાર્ય કરવા, પછી જુઓ કે જિંદગીમાં સુખ જ સુખ છે કે નહિ. સફળતાની વ્યાખ્યા કરવી હોય તો શું કરાય? બીજા કરતાં આગળ એ જ? અને આ બીજા એટલે કોણ? આપણા અંગત જ ? આપણી આસપાસના લોકો જ?

સફળતા એટલો શક્તિશાળી શબ્દ છે કે આપણે એની પાછળ દોડતા જ રહીએ છીએ. સફળતા શું છે?

શું આનો અર્થ પૈસા અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવી એવો થાય છે, અમુક લોકો માટે સફળતાનો અર્થ અમુક લોકોના સમકક્ષ બનવું અથવા એનાથી આગળ પહોંચવું કોઈપણ ભોગે. પહોંચ્યા પછી જિંદગીની મજા ઉડી જાય એમપણ બને.

બોલ એટલો જોરથી વાગ્યો કે તેમના પગમાં ઝણઝણાટી આવી ગઈ

નવાં ક્લેવર
નટવર હેડાઉ

બગીચાને એક ખૂણે શશીકાંત પગ લાંબા કરી બેઠા હતા. બાંકડો ખાલી હતો. તેથી તેના પર અડધું પડધું લંબપાવી સુતા સુતા તે બગીચામાં ક્રિકેટ રમતાં બાળકોને જોઈ રહ્યા હતા.

સૂરજ આકાશમાં ઉપર ચડી આવ્યો હતો. આજુબાજુ મોટાં મોટાં વૃક્ષો પર પંખીઓ કલરવ કરતાં હતા અને બગીચાની હરિયાળી લોનમાં રમતાં બાળકો શોરબકોર કરતાં હતા.

થોડે દૂર હિંચકા, લપસણી અને ચકડોળ પાસે નાના ભૂલકાઓને તેની મમ્મીઓ હિંચકા ખવડાવતી હતી. કોઈ દાદા દૂર બેસી બાંકડાના ટેકે લાકડી ટેકવી ચશ્માના કાચ સાફ કરી રસ્તા પર આવતાં જતા વાહનોને જોતા હતા. ગુલાબની ક્યારીઓમાં માળી ગોડકામ કરતો હતો. ફૂલ પર પતંગીયાની ઉડાઉડ સાથે ભમરાઓનો ગુંજારવ જાણે ફૂલોના કાનમાં કંઈક ધીમે રહીને ને કહી રહ્યો હોય એવો લાગતો હતો. વસંતનો વૈભવ છલકતો હતો.

શશીકાંત આમ તો આ બધું રોજ જોતા હતા. તેમને આ બધું ગમતું તેથી અહીં બગીચામાં આવીને બેસી જતા. એકાદ કલાક આમ બેઠા બેઠા બાળકોને રમતેં જોવામાં તેમને મજા પડતી હતી. થોડા મહિનાઓથી તેમને કાને હવે તેમને મજા પડતી હતી. થોડા મહિનાઓથી તેમને કાને હવે ઓછું સંભળાવા લાગ્યું હતું. તેથી અમુક અવાજ તેમના મગજમાં ગુંજતા અને પછી એમ જ શાંત થઈ જતા હોય એવું તેમને લાગતું હતું.

અચાનક એક બોલ આવીને તેમના પગે ટકરાયો. બોલ એટલો જોરથી વાગ્યો કે તેમના પગમાં ઝણઝણાટી આવી ગઈ. તે ઝટકા સાથે એકદમ બેઠા થઈ ગયા અને પોતાનો પગ દબાવવા લાગ્યા. તેમને પગમાં વાગી ગયું હશે તેની પરવા કર્યા વિના જ એક છોકરો આવ્યો અને શશીકાંતની નજીકમાં પડેલ બોલને લઈ ચાલ્યો ગયો.

તેમના હોઠ પર હાસ્ય છલકાઈ આવ્યું. કેમ કે બોલ તેમના પગમાં વાગે એ માટે તો એ પગ લાંબા કરી ત્યાં બેઠા હતા. નહીંતર બાળકો રમતાં હોય ત્યાં નજીકમાં જઈ આ રીતે બેસવાની એમને ક્યાં જરૂર હતી.

બોલના સ્પર્શ માત્રથી તન મનમાં તેમને સ્ફૂર્તિનો સંસાર અનુભાવતો હતો. તેમને એમ લાગતું કે તેમની ઉંમર નાની થઈ ગઈ છે. તે ઊભા થયા અને મેદાનમાં દોડવા લાગ્યા. જાણે કે તે બોલથી રમતા ન હોય!

આ રીતે શશીકાંતને પોતાના બાળપણના દિવસોની યાદ તાજી થતી હતી. તેથી બહુ મજા આવતી. પણ જે દિવસે બાળકો ઘરે જતાં રહ્યાં હોય તે દિવસે તેમની હાલત જોવા જેવી થતી. લાકડી લઈ બગીચાના એક છેડેથી બીજા છેડે ધીમે ચાલતા છતાં તેમને શ્વાસ ચડી આવતો.

છોકરાઓને પણ ખબર હતી કે આ ઘરડા દાદા ને બોલ વાગે તો તે કંઈ કહેતા નથી.

બોલ કયારેક મનની સાથે ઉછળતો અને કયારેક આંખોની સાથે દોડતો હોય એમ તેમને લાગતું. કયારેક મોકો મળતા બોલ પોતાની તરફ આવતો જોઈ તે ઊભા થઈ જતા અને બોલને પોતાના પગની કીક મારી બાળકો તરફ ફેંકતા.

બોલના સ્પર્શનો રોમાંચ અનુભવાતો અને તે બાળક બની જતા તેની જે મજા હતી તે બીજાંને ન સમજાય એવું પણ બને.

પીઠી ચોળે પીઠી ચોળે પિતરાણી

મનના ઉમંગો
રણછોડ પરમાર

પહેલાના જમાનામાં અત્યારનાં જેવાં સૌંદર્ય પ્રસાધનો અને બ્યુટી પાર્લર હતાં નહીં. વરરાજા કે કન્યાના વાનને ઉઘાડવાનું એક જ સાધન હતું અને તે પીઠી.એટલે લોકગીતોમાં પીઠીના ગીતો મળે છે. ગીત ગાતાં ગાતાં બધી પ્રેમાળ ભાભીઓ પોતાના દિયરને કે નણંદને પીઠી ચોળે છે. આમ કરતાં પીઠી ચોળનારીઓ પણ ઘણીવારે તોફાને ચડે છે અને એકબીજાને સામસામે પીઠી લગાવે છે. આમ પણ લગ્ન એક આનંદનો અવસર હોય છે . આથી લગ્નની દરેક વિધિ અને પ્રક્રિયામાં કુટુંબીજનો આનંદ લૂંટે છે. તેનો પ્રભાવ ગીતોમાં પણ પડે છે. પહેલાં હળવાં મસ્તીભર્યાં ગીતો આવે છે. પછી ભારે તોફાનના ગીતો આવવા માંડે છે. છેલ્લે એકબીજાને ભાંડવાના ગીતો આવે છે જેને ફટાણાં કહેવામાં આવે છે. તેની વાત આપણે સમય આવ્યે કરીશું.

થોડા વરસો પહેલાં પીઠીનું ભારે મહત્વ હતું. પીઠીનો રંગ પીળો હોય છે એટલે દીકરીના હાથ પીળા કરવાના છે એવો રુઢિપ્રયોગ પણ બનેલો છે. સાસરેથી પરણેલી બહેનો આવી ગઈ હોય, આઘે રહેતાં કાકાકાકી અને ભાઈભાભી પણ આવી ગયાં હોય, લગન ઢૂંકડાં આવી ગયાં હોય, વરરાજો થોડોક ભીનેવાન હોય, આવો ને આવો પારકે ગામ લઈ જઈએ તો સારું ના લાગે. એનો રંગ થોડો નિખરવો જોઇએ. આપણા પૂર્વજોએ આનો ઉકેલ પીઠીમાં ખોળી કાઢ્યો.

પીઠી પાવલાની પાશેર,
પીઠી અધલાની અધશેર,
પીઠી રુપિયાની શેર,
પીઠી આણી અમારે ઘેર,
પીઠી વાટકડે ઘોળાય,
પીઠી લાડકડાને ચોળાય.

પિતા પાશેર પીઠી લઈ આવ્યા, માતાએ મગ અને હળદર દળાવ્યાં, ડમરો પીલીને નાખ્યો, સુગંધી તેલ ઉમેર્યાં, આમ સૌંદર્ય પ્રસાધન તૈયાર થઈ ગયું. ભાભીઓ અને કાકીઓ ભારે હેતથી વરને આખે શરીરે પીઠી ચોળે છે. મેલ દેખાય ત્યાં વધારે ચોળે છે. પછી બધાં ભેળા મળીને નવરાવે છે. નાહીને ઉભેલા વરનો વાન ફરી જાય છે. પીઠી વાળાં કપડાં વાળંદ લઈ જાય છે. હવે તો કપડાં પરના રંગ ના દેખાય એટલે ખાસ પીળા રંગના વસ્ત્રો પીઠીના દિવસે પહેરવા માટે ખરીદવામાં આવે છે. ચલચિત્રોના લગ્નો જોઈને હવે છોકરીઓ પીઠીના પ્રસંગ માટે જાતજાતના માથે અને ગળે લટકણિયા સજાવે છે.

હાલ જુવો ભાભીશ્રી તેમના લાડકડા દિયરને પ્રેમથી પીઠી ચોળી રહ્યાં છે માતા મમતાથી ઘડીક દીકરાનું મુખ જુવે છે અને ઘડીક પીઠી ચોળનારી વહુનું મોઢું જુવે છે. લોકગાયકે કેવું સુંદર ચિત્ર આલેખ્યું છે !

પીઠી ચોળે પીઠી ચોળે પિતરાણી
હાથ પગ ચોળે રે વરની ભાભી
મુખડા નિહાળે રે વરની માતા !
પહેલી પીઠી ચડશે રે મારા જિયાવરને
ઉતરતી ચડશે રે પેલી છોડીને.
પાકાં તેલ ચડ્શે રે મારા જિયાવરને
કાચાં તેલ ચડ્શે રે પેલી છોડીને
પડતી કેરી ખાશે રે મારા જિયાવર ને
ગોટલા તો ચૂસશે રે પેલી છોડી રે !

એક પછી એક કુટુંબની બધી વહુવારુઓ વર અથવા કન્યાને પીઠી લગાવે છે. પ્રાચીન રિવાજોમાં કુટુંબની એકતા અને સ્નેહની ભાવના પ્રકટ થાય છે. જમાનો બદલાય એનો રંગ સમાજની દરેક વિધિઓને પણ અસર કરે છે. હવે આખા અંગે પીઠી ચોળવાનો રિવાજ લગભગ અદ્રશ્ય થઈ ગયો છે. કન્યા અગાઉથી જ બ્યુટી પાર્લરમાં જઈને ફેશિયલ કરાવીને આવી છે. એના પર પીઠીના ડાઘા પાડવાનું એને કેવી રીતે ગમે ? શુકન પૂરતું એકાદ ટપકું પીઠીનું એના જમણા હાથ પર લગાડવામાં આવે છે. ઘણીવાર તો પીઠી વાપરવાને બદલે ટર્મેરિક ક્રિમથી કામ ચલાવી લેવામાં આવે છે. કેટલીક માતાને કેવળ પીળા રંગથી સંતોષ થતો નથી. એ દીકરા માટે રાતો અને લીલો રંગ પણ લાવે છે હોઠ લાલ કરવા પાન ખવરાવે છે. આંખોમાં મેંશ આંજે છે. લોકકવિએ કેવા રંગરંગના શણગાર સજાવ્યા છે તે જુવો.

પીળો રે પીળો રે વાનો મેં સુણ્યો,
પીળો હળદરનો છોડ,સોય રે વાનો મેં નીરખિયો.
ગોરા વરરાજા તમને પીઠડાં ચોળીશ,જેમ રે સાજનિયા સંતોખશે.
દુરિજન, દુરિજન હૈડે ડાબલા પાય,દોખીઅડાં રે દાઝી મરે.
રાતો રાતો રે વાનો મેં સુણ્યો,રાતો કંકુનો છોડ, સોય રે વાનો મેં નીરખિયો.
ગોરા રે વરરાજા તમને ટીલડાં કરીશ,જેમ રે સાજનિયાં સંતોષશે.
દુરિજન, દુરિજન હૈડે ડાબલા પાય,દોખીઅડાં રે દાઝી મરે.
લીલો લીલો રે વાનો મેં સુણ્યો,લીલી નાગરવેલ, સોય રે વાનો મેં નીરખિયો.
ગોરા રે વરરાજા તમારે મુખડે તંબુલ,જેમ રે સાજનિયાં સંતોષશે.
દુરિજન, દુરિજન હૈડે ડાબલા પાય,દોખીઅડાં રે દાઝી મરે.
ભીનો રે ભીનો વાનો મેં સુણ્યો,ભીની કાજળ રેખ. સોય રે વાનો મેં નીરખિયો.
ગોરા વરરાજા તમારાં નયણાં ભરીશ,જેમ રે સાજનિયાં સંતોખશે.
દુરિજન, દુરિજન હૈડે ડાબલા પાય,દોખીઅડાં રે દાઝી મરે.